જન્મદિને વધામણી

એન જી પ્રજાપતિ
મો. ૯૪૨૭૬ ૦૬૪૭૧

સિધ્ધાર્થસિંહ શંકરસિંહ ચાવડા (ભોલો)
મો. ૮૪૮૮૮ ૧૩૬૩૨

શ્રેયાંસી વૈભવ ગોસ્વામી
મો. ૯૦૯૯૦ ૭૫૧૬૪

પરી દિપકભાઈ પરમાર
મો. ૯૦૫૪૬ ૯૯૧૪૪

જે ઍમ ચૌધરી કન્યા વિદ્યાલયની ટીમ

ફૅન્સિંગમાં રાષ્ટ્રકક્ષાએ રમશે

સ્કૂલની ટીમ લંગડી અને કબડ્ડીની રમતમાં રાજ્યકક્ષાએ પ્રતિનિધિત્વ કરશે

ગાંધીનગર, તા. ૨૦

સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સૅક્ટર-૧૨ ખાતે રાજ્યકક્ષાની ફૅન્સિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય (ગ્રાન્ટેડ) વિભાગ, સૅક્ટર-૭ની વિદ્યાર્થીનીઓ વિજેતા બની હતી.

આ વિદ્યાર્થીનીઓએ ગોલ્ડ, સિલ્વર અને બ્રૉન્ઝ મૅડલ મેળવી શાળાને ગૌરવ અપાવ્યું હતું. આ વિદ્યાર્થીઓ હવે રાષ્ટ્રકક્ષાએ રાજ્યનું નેતૃત્ત્વ કરશે.

સ્પર્ધામાં દક્ષા જી ચૌધરી, પિનલ પી ચૌધરી, રોશની એન ચૌધરી, માયા વી ચૌધરીએ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. માયા ઍમ ચૌધરી, નિતા એન ચૌધરી, નિકીતા બી ચૌધરીએ સિલ્વર મૅડલ પ્રાપ્ત કર્યો હતો તથા કાજલ બી ચૌધરી, શીતલ એચ ચૌધરી, જ્યોત્સના બી ચૌધરી, પ્રિયંકા એમ ચૌધરી, મીરાં આર ચૌધરી, કની એમ ચૌધરી નિશા એફ ચૌધરી, સાક્ષી વી ચૌધરી, મનીષા જી ચૌધરી, શ્રેયા એસ ચૌધરી, અશ્વિના સી ચૌધરી, વિના એ ચૌધરી, સુખી આર ચૌધરી, અનિલા કે ચૌધરી અને આસ્થા જી ચૌધરીએ બ્રૉન્ઝ મૅડલ પ્રાપ્ત કર્યો હતો.

વિદ્યાલય ખાતે લંગડી સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ જિલ્લાકક્ષાએ વિજેતા બની હતી, જેઓ હવે રાજ્યકક્ષાએ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. આ વિજેતા વિદ્યાર્થીઓમાં આરતી ડી ચૌધરી, અલકા આર ચૌધરી, હિના આર ચૌધરી, કીર્તિ સી ચૌધરી, જોસના એ ચૌધરી, કમળા વી ચૌધરી, વર્ષા એ ચૌધરી, નિશા જી ચૌધરી, હેત્વી સી ચૌધરી, શીતલ ઍચ ચૌધરી, દિવ્યા બી ચૌધરી તથા રિયા ડી ચૌધરી સામેલ હતાં.

વિદ્યાલય ખાતે આયોજિત જિલ્લા કક્ષાની કબડ્ડી રમતની સ્પર્ધામાં પણ વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ અન્ડર-૧૯ વિભાગમાં વિજેતા બની હતી. આ વિદ્યાર્થીનીઓ હવે રાજ્યકક્ષાની સ્પર્ધામાં જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. આ વિજેતા વિદ્યાર્થીઓમાં નીતા એન ચૌધરી, કાજલ બી ચૌધરી, કીર્તિ સી ચૌધરી, કની એમ ચૌધરી, રીટા એસ ચૌધરી, ભાવના જી ચૌધરી, રિયા ડી ચૌધરી, નિતલ કે ચૌધરી, ગીતા બી ચૌધરી, ભારતી ડી ચૌધરી, પાયલ જે ચૌધરી અને વિલાસ જે ચૌધરી સામેલ હતાં.

વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ મહાત્મા ગાંધી વિદ્યાલય, સૅક્ટર-૧૬ ખાતે યોજવામાં આવેલી કબડ્ડી સ્પર્ધામાં અન્ડર-૧૭ વિભાગમાં વિજેતા બની હતી, જેઓ હવે રાજ્યકક્ષાની સ્પર્ધામાં જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. આ વિજેતા વિદ્યાર્થીનીઓમાં મિત્તલ એન ચૌધરી, દક્ષા આઈ ચૌધરી, મમતા સી ચૌધરી, શિલ્પા આર ચૌધરી મિનાક્ષી આઈ ચૌધરી, સુરેખા જે ચૌધરી, રંજન જે ચૌધરી, નિશા એફ ચૌધરી, હિના સી ચૌધરી અને ઋતુ એ ચૌધરી સામેલ હતાં.

આ તમામ વિદ્યાર્થીનીઓને આચાર્ય સંતોકબેન ચૌધરી, વ્યાયામ શિક્ષક વિનાક્ષીબેન સુતરિયા, લીલાબેન ચૌધરી તથા હેતલબેન દેસાઈ અને સમગ્ર શાળા પરિવારે બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

લેકાવાડા ખાતે સ્થિત ઓમકાર ઇન્ટરનેશનલ સ્કૂલ ખાતે પ્રાથમિક તથા માધ્યમિક વિભાગનાં બાળકો માટે વક્તૃત્ત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં કુલ ૩૦ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. '૧૫મી ઑગષ્ટ - સ્વતંત્રતા દિન' એ વિષય આ સ્પર્ધા માટે આપવામાં આવ્યો હતો, જેના પર બાળકોએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

આર ઍન પટેલ સ્કૂલના વિદ્યાર્થીઓ કૅમ્પસની સૅન્ટ્રલ લાયબ્રેરીની મુલાકાતે

ગાંધીનગર, તા. ૨૦

શ્રીમતી આર ઍન પટેલ પ્રાયમરી સ્કૂલના ધોરણ-૮ના વિદ્યાર્થીઓએ શુક્રવારે કડી કૅમ્પસમાં આવેલ સૅન્ટ્રલ લાયબ્રેરીની મુલાકાત લીધી હતી. પુસ્તક આપણો સાચો મિત્ર છે, પુસ્તક જ આપણો વિકાસ કરનાર પથદર્શક છે. વિદ્યાર્થીઓમાં વાચન કૌશલ્ય વિશે ઋચિ કેળવાય તથા પુસ્તકાલય અંગેનું પ્રત્યક્ષ જ્ઞાન મળે તેમજ વર્તમાનપત્ર, સામયિક, માસિક જેવા પત્રકોનું માહિતીસભર જ્ઞાન મેળવે તે હેતુસર આ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.

લાયબ્રેરીયન સીમાબેન દેસાઈ તથા સુરજિતભઆઈએ લાયબ્રેરી એટલે શું ? લાયબ્રેરીમાં કેવી રીતે પુસ્તકોની ગોઠવણી કરવામાં આવે છે ? એ વિગતો સાથે સૅન્ટ્રલ લાયબ્રેરીમાં સંગ્રહિત ૨૬૪૧૫ પુસ્તકોની જાણકારી આપી હતી અને 'પુસ્તકો વગરનું ઘર સ્મશાન સમાન છે' એવું વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓએ પુસ્તકાલયમાં ગોઠવેલાં તમામ પુસ્તકોનું ઝીણવટથી અવલોકન કર્યું હતું અને કેટલાંક પુસ્તકોનાં નામ પણ નોંધ્યાં હતાં.

દરેક વિદ્યાર્થીએ પોતાને પસંદ પડે તે પુસ્તકનું વાચન પણ કર્યું હતું. વિદ્યાર્થીઓ સાથે આ તબક્કે શિક્ષક અર્ચનાબેન તથા પ્રકાશભાઈ ઉપસ્થિત રહ્યાં હતાં. વિદ્યાર્થીઓ માટે આ મુલાકાત યાદગાર બની રહી હતી.

'આપણું ફાઉન્ડેશન' દ્વારા

આદિવાડાની સરકારી પ્રાથમિક શાળામાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૦

આજના ભાગદોડભર્યા જીવનમાં તથા ઝાકમઝોળ અને પાશ્ચાત્ય સંસ્કૃતિના યુગમાં જ્યારે લોકો બધાજ પર્વ ઉજવતા હોય છે પરંતુ આપણા રાષ્ટ્રીય તહેવારોમાં એટલી ઉજવણી કરતા નથી હોતા. ત્યારે આપણું ફાઉન્ડેશન દ્વારા આપણા રાષ્ટ્રીય તહેવાર 'સ્વતંત્ર્યતા દિવસ' નિમિત્તે અનોખી તથા ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

સ્વતંત્રતા દિવસ નિમિત્તે આપણું ફાઉન્ડેશન દ્વારા સરકારી પ્રાથમિક શાળા-આદીવાડામાં ધ્વજવંદન, ડાન્સ, ગરબા અને વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું અને આ સાથે આજના દિવસે એક પરીક્ષાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને એક જોડી કપડાંનું વાઉચર આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોર્પોરેટર હર્ષાબા ધાંધલ તથા યોગ ગુરુ કાનજીભાઈ બાવરી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહીને નિહાળ્યો હતો. આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય શિક્ષક તથા વોલ્યુનટરસનો ખુબ સારો સાથ મળ્યો હતો જેનાથી આ કાર્યક્રમ સફળ બન્યો. અંતમાં શાળાના બાળકોને ચોકલેટ તથા નાસ્તો આપવામાં આવ્યો હતો.

આપણું ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવેલ ઉત્સાહભેર સ્વતંત્રતા દિવસની ઉજવણી ખરેખર પ્રશંસાને પાત્ર છે.

નવગુજરાત કૉમર્સ કૉલેજ દ્વારા કૅન્સર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૦

નવગુજરાત કૉમર્સ કૉલેજ ખાતે કૅન્સર જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

શિરીનભાઈ પરીખે કૅન્સર દ્વારા ભોગ લેવાયેલ પોતાનાં પત્નીને શ્રધ્ધાંજલિ રૂપે સ્થાપેલ હ્યુમન વૅલનૅસ ફાઉન્ડેશનના સહયોગથી કૅન્સર જાગૃતિ અભિયાન આયુષના ઉપક્રમે કૅન્સર વિષે પ્રાથમિક માહિતી, તેનાથી થતી અસરો અને તેનાથી બચવાના ઉપાયો વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં કૉલેજના વિદ્યાર્થીઓ ઉપરાંત વસંતકુંવરબા સ્કૂલ તથા ઍન કે સ્કૂલ ઑફ કૉમર્સના વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા. કૅન્સર વિશેની માહિતી વિદ્યાર્થીઓને પરંપરાગત વ્યાખ્યાન તરીકે ન આપતાં રસપ્રદ રીતે બે ફિલ્મ શો 'જીતુ ક્યારે જાગશે' અને 'જાગશે ત્યારથી સવાર' પૂરી પડાઈ હતી. ફિલ્મ શોના અંતે હાજર રહેલા આયુષના પ્રતિનિધિ મુકેશભાઈ પટેલ અને રવિન્દ્ર ચૌધરી દ્વારા વિદ્યાર્થીઓના કૅન્સરને લગતા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો આપવામાં આવ્યા હતા. કૉલેજના આચાર્ય વી ઍલ ગોસ્વામી દ્વારા વિદ્યાર્થીઓને સમાજમાં સર્વત્ર સ્વાસ્થ્ય જ્યોત પ્રગટાવીને કૅન્સર અને વ્યસન જેવી ગંભીર સમસ્યા અંગે જાગૃતિ લાવવાનો સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો.

આરાધના વિદ્યાવિહાર ખાતે રક્ષાબંધન પર્વની ઉલ્લાસભેર ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૦

આરાધના વિદ્યાવિહાર, સૅક્ટર-૨૮ ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. શાળાના માધ્યમિક વિભાગ, ઉચ્ચતર માધ્યમિક વિભાગ, ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ તથા બીઍડ કૉલેજના વિદ્યાર્થી ભાઈઓને બહેનોએ કુમકુમ તિલક કરી હાથે રાખડી બાંધી તેની સર્વ પ્રકારની રક્ષા થાય તેવી અભિલાષા વ્યક્ત કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પર્વને અનુરૂપ વક્તવ્ય અને ગીતો ગાઈને ભગિની પ્રેમની ભવ્ય ભાવનાનું મહત્ત્વ રજૂ કર્યું હતું.

આચાર્ય તથા મેનેજિંગ ટ્રસ્ટીએ પ્રાસંગિક વક્તવ્ય દ્વારા વિદ્યાર્થીઓને શુભાશિષ પાઠવ્યા હતા. શૈક્ષણિક તથા વહીવટી સ્ટાફે સહયોગ આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

વેદ ઇન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણના વિદ્યાર્થીઓ, ગાંધીનગર નજીક આવેલ પંડિત દિનદયાલ પૅટ્રોલિયમ યુનિવર્સિટીની શૈક્ષણિક મુલાકાત માટે ગયા હતા. સાયન્સ તથા કૉમર્સના ૨૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓ આ મુલાકાતમાં જોડાયા હતા. પીડીપીયુ ખાતે શિક્ષકો, ડિરેક્ટર્સ તથા ટ્રસ્ટીઓ સાથે પણ વિદ્યાર્થીઓએ મુલાકાત કરી હતી અને અહીં ચાલતા વિવિધ અભ્યાસક્રમ, શૈક્ષણિક પધ્ધતિ તથા કૅમ્પસની માહિતી મેળવી હતી. આ મુલાકાત ધોરણ-૧૨ પછી પોતાના ઉચ્ચ અભ્યાસ માટેની પસંદગી અર્થે માર્ગદર્શક પૂરવાર થશે એવો આશાવાદ વિદ્યાર્થીઓએ વ્યક્ત કર્યો હતો.

ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી તથા જાણીતા કોલમિસ્ટ સંજય થોરાતના નિવાસસ્થાને તા. ૧૫મી ઓગષ્ટે યોજેયલ ધ્વજવંદન કાર્યક્રમમાં પ્રેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદીના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે શહેરના અગ્રણી નાગરિકો જેવા કે માર્ગ-મકાન વિભાગના એક્ઝિક્યુટિવ એન્જિનીયર પંકજ ગાંધી, બ્રહ્મસમાજના અગ્રણી અશ્વિન ત્રિવેદી, યોગાચાર્ય રાજુભાઈ પટેલ તથા શહેરના અગ્રણી મહિલા તબીબો ડૉ. અમી શાહ, ડૉ. નીતા સેખાત સહિત અન્ય નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પુલક ત્રિવેદીએ રાષ્ટ્રભાવના માત્ર રાષ્ટ્રીય પર્વ પુરતી મર્યાદિત રહેવાને બદલે સતત હૃદયમાં સ્થાન પામે તેવો સંદેશ પાઠવ્યો હતો. આ કાર્યક્રમમાં યુવા સામાજિક કાર્યકરોએ પણ હાજરી આપી હતી.

વાચકોને આમંત્રણ

'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

'યાદ દાદા-દાદીની'

આર ઍન પટેલ પ્રાયમરી સ્કૂલ ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણી કરાઈ

પ્રસંગને અનુરૂપ ગીતો અને વક્તવ્યો વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યાં

ગાંધીનગર, તા. ૨૦

આર ઍન પટેલ પ્રાયરી સ્કૂલ અને ભગિની સંસ્થાઓના ઉપક્રમે સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફાર્મસી કૉલેજના આચાર્ય દ્વારા ધ્વજવંદન કરાવવામાં આવ્યું હતું. તેમણે નાગરિક જાગૃતિ અને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રની અવનવી જાણકારી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ દેશભક્તિ વિષયક ગીત નૃત્ય સાથે રજૂ કર્યું હતું. ઍસ જી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા પણ દેશભક્તિ ગીત અને સમૂહગાનની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

નીમા ફાઉન્ડેશન દ્વારા હિંમતનગરમાં સાંધાના દુ:ખાવાના દર્દીઓ માટે વિના મુલ્યે સારવાર કેમ્પ યોજવામાં આવ્યો હતો. કુદરતી ઉપચાર પદ્ધતિના માધ્યમથી આ કેમ્પ દરમિયાન ઢીંચણ, સાંધા, કમર, ગરદન અને ખભાના દુ:ખાવાના ૧૨૫ થી વધુ દર્દીઓને સારવાર પુરી પાડવામાં આવી હતી. આ કેમ્પમાં આયોજન માટે મોડાસીયા કડવા પાટીદારના કે.સી. પટેલ, સ્વામી શ્રી સદાનંદ ભારતીએ પણ સહયોગ આપ્યો હતો. ૧૦૦ જેટલા મેગ્નેટીક બેલ્ટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કેમ્પના સફળ આયોજન માટે નટુભાઈ પટેલ, કિરીટભાઈ અગ્રાવત, સાંકાભાઈ પટેલ તેમજ ભરતભાઈ પટેલે જહેમત ઉઠાવી હતી.